# માતા—શંકર મિશ્રની

— યશવંત મહેતા

બિહારનું દરભંગા રાજ્ય. ઘણાં વરસ એ રાજ્ય ટક્યું. છેક આઝાદીકાળે જ એ ભારતસંઘમાં ભળ્યું.

સોળમી સદીની આખરની એ રાજ્યની આ વાત છે.

દરભંગાનો રાજવી એક વાર પોતાના પ્રદેશની મુસાફરીએ નીકળ્યો હતો. દિવસે મુસાફરી કરે અને સાંજ પડયે જે ગામ આવે ત્યાં રોકાઈ જાય. ડંકા નિશાન અને દબદબા સાથેની રાજવીની આવી સવારી જોવા માટે દરેક ગામનાં બાળકો સૌથી પહેલાં પહોંચી જાય.

એક ગામનાં બાળકો આ જ રીતે સવારી જોવા માટે ગામને પાદર એકઠાં થયાં હતાં. રાજાને નમન કરતાં હતાં અને રાજા પણ એમને ખુશ કરવા માટે પૈસા વેરતો હતો.

એકાએક રાજાની નજર સહેજ દૂર અદબ વાળીને ઊભેલા એક બાળક ઉપર ગઈ. એ નહોતો બધાં બાળકોની જેમ પૈસાની ઝૂંટાઝૂંટ કરતો કે નહોતો રાજાને વંદન કરતો. ટૂંકી ધોતલી અને ઉઘાડા ડિલમાં શોભતો એ પાંચેક વરસનો બાળક તો પોતાની લાંબી ચોટલી હવામાં ફરફરાવતો અદબ વાળીને ઊભો હતો. એણે પોતાનું મસ્તક ગૌરવથી ઊંચું રાખ્યું હતું અને સમી સાંજના ઉજાસમાં એનું તેજસ્વી કપાળ ઝગારા મારતું હતું. એની જનોઈ કોઈ હીરાના હાર કરતાં વધુ શોભતી હતી.

રાજાએ પોતાનો ઘોડો આ બાળક ભણી હંકાર્યો. એની સામે થોભીને પૂછ્યું : ''બ્રાહ્મણના દીકરા લાગો છો ! કાંઈ કવિતાફવિતા આવડે છે કે ?''

બાળકે ગૌરવથી જવાબ આપ્યો : ''મારી પોતાની રચેલી કવિતા સંભળાવું કે બીજાની ?''

રાજા ચકિત થઈ ગયો. ઘડી ભર તો આ છોકરાના શબ્દોનો પૂરેપૂરો મર્મ પણ એને સમજાયો નહિ. પછી ધીમેથી એણે પૂછ્યું : 'ભૂદેવ ! શું ખરેખર આ બાળઉંમરે પણ તમે કવિતા રચી શકો છો ?''

જવાબમાં બાળકે કવિતા જ સંભળાવી :

**''બાલોહં જગદાનંદ, ન મે બાલા સરસ્વતી,**

**અપૂર્ણ પંચમે વર્ષે વર્ણયામિ જગત્રયમ્''**

(જગતને આનંદ આપનાર હે રાજા ! હું બાળક છું, પણ મારી સરસ્વતી (વિદ્યા) કાંઈ બાળક નથી. હું ત્રણે લોકનું વર્ણન કરી શકું છું.)

રાજાએ કહ્યું : ''ત્યારે હવે બીજા કોઈની રચેલી કવિતા સંભળાવો.''

બાળકે  વેદનું એક પદ લીધું : સહસ્ત્રીશીર્ષ પુરુષ : સહસ્ત્રાક્ષઃ સહસ્ત્રપાદ : અને એ પદની આગળ આ રાજવીની પ્રશંસા ઉમેરીને એક આખો નવો જ શ્લોક રચી દીધો.

ેક તો વિદ્વાન બાળક અને તેણે પાછી રાજાની પ્રશંસા કરી. રાજાના આનંદનો પાર ન રહ્યો. એણે પોતાના સેવક પાસે સોનામહોરો ભરેલી પેટી મગાવી. એ પેટી પેલા બાળક પાસે ખુલ્લી મૂકીને કહ્યું, '' આમાંથી લેવાય એટલી સોનામહોરો લઈ લે.''

બાળક ઘડીભર તો અચકાયો. એની માતાએ ભીખ કદી નહિ લેવાની એને શિખામણ આપી હતી. પણ રાજાએ તેને સમજાવ્યો કે હું તને ભીખ નથી આપતો, આ તો તારી વિદ્યાની કદર છે. આખરે છોકરો માન્યો અને એણે બન્ને હાથનો ખોબો કરીને એમાં સમાય તેટલી સોનામહોરો લઈ લીધી. પછી આ ખુશખબર અને આ સોનામહોરો માતાને આપવા માટે ઘર ભણી વળ્યો.

એ ઘેર પહોંચે તે પહેલાં આ વાત ઘેર આવી ગઈ હતી. માતા એની રાહ જોઈને બારણા બહાર જ ઊભી હતી. પોતાના પુત્રને ચળકતી સોનામહોરોનો ખોબો ભરીને આવતો જોઈન વર્ગથી એનું મસ્તક ઊંચું થયું. એની આંખો ચમકી.



પરંતુ છોકરો સામે આવ્યો કે તરત જ એણે એક અજબ હુકમ કર્યો, ''શંકર, બહાર જ ઊભો રહેજે. એ સોનામહોરો લઈને ઘરમાં પેસીશ નહિ.''

બાળક શંકર ત્યાં જ ઊભો રહી ગયો. એ નવાઈ પામી ગયો. પણ માનો દરેક હુકમ માનવાની એની આદત હતી. માની આજ્ઞા યોગ્ય જ હશે, એની શંકરને ખાતરી હતી; કારણ કે આ જ માતાએ તેને સંસ્કાર આપ્યા હતા, વિદ્યા આપી હતી. એણે જ પાંચ વરસની ઉંમરના શંકરમાં કોઈ વૃદ્ધ પંડિતને માંડ મળે એટલી વિદ્વત્તા જગાડી હતી.

શંકરના પિતા વિદ્વાન હતા, એ ખરું. પરંતુ એ તો શંકરના જન્મ પછી થોડા દિવસોમાં જ અવસાન પામ્યા હતા. શંકરનો ઉછેર સમગ્ર રીતે માતાએ જ કર્યો હતો. પડોશીઓ તરફથી મળતાં દાન અને સીધાં વડે એણે શંકરનો ઉછેર કર્યો હતો અને એના પિતાની પડી રહેલી પોથીઓ વડે શંકરને શિક્ષણ આપ્યું હતું.

એ શિક્ષણ આપતાં આપતાં માતા પોતે જ મહાન વિદુષી બની ગઈ હતી. જેટલી વિદ્યા એ શંકરને શીખવતી, એટલી પહેલાં તો એણે જ શીખી લેવી પડતી !

આવી વિદુષી માતા પોતાને ઘરની બહાર ઊભા રહેવાનું ફરમાન કરી ગઈ એમાં જરૂર કશુંક રહસ્ય હશે એટલું સમજવા પૂરતી બુદ્ધિ તો શંકરમાં હતી જ.

માતા થોડી જ વારમાં પાછી વળી. એની સાથે ગામની સૂયાણી—દાયણ પણ હતી.

ઘર પાસે આવીને એણે દાયણને કહ્યું, ‘‘બહેન, તમને યાદ છે. આ શંકરનો જન્મ તમે કરાવેલો ?’’

દાયણ કહે, ‘‘હા, યાદ કેમ ન હોય ? આવાં અક્કલવાળાં બાળકો કાંઈ રોજ થોડાં જન્મે છે ?’’

‘‘એના જન્મ વખતે તમારું મહેનતાણું હું આપી શકી નહોતી.’’

‘‘ખેર ! હું તો એ વાતને ભૂલી પણ ગઈ છું. મારે એવું મહેનતાણું કાંઈ જોઈતું નથી. તમારા જેવા પવિત્ર બ્રાહ્મણનું આટલું કામ કરવું એ તો અમારી પણ ફરજ છે.’’

શંકરની માતા બોલી, ‘‘તમારી મહેનતનો બદલો આપવો એ અમારી પણ ફરજ છે, બહેન ! પણ આટલાં વરસ તમને આપવા લાયક મારી પાસે કશું નહોતું. એટલે મેં પ્રતિજ્ઞા કરી હતી કે શંકરની જે પહેલી કમાણી હશે એ તમને આપી દઈશ. એ કમાણી આટલી વહેલી શરૂ થશે, એવી મને કલ્પના નહોતી. પણ આજે શંકર કમાણી કરી જ લાવ્યો છે તો એ તમે લઈ લો.’’

હવે દાયણની નજર ખોબો ભરીને સોનામહોરો લઈને ઊભેલા શંકર તરફ ગઈ. એ ચોંકી ગઈ. ખોબો ભરીને સોનામહોરો ! એક ગામને આખું વરસ ચાલે તેટલું ધન ! એક કુટુંબને તો સો વરસ લગી કમાવું ન પડે, જો આટલું ધન મળી જાય તો !

એ બોલી ઊઠી, ‘‘બ્રાહ્મીણ મા ! આ તમે શું બોલો છો ! આ બધી સોનામહોરો મને આપી દેવાની ન હોય. સૂયાણીનું દાપું તે હોઈ હોઈને કેટલું હોય, બે પાલી અનાજ ને એક કાપડું !’’

‘‘પણ મેં તો એની પહેલી કમાણી તમને આપી દેવાની પ્રતિજ્ઞા લીધી છે,’’ શંકરની માતાએ મક્કમ અવાજે કહ્યું, ‘‘અને એ તમારે લેવી જ પડશે.’’

આખરે સૂયાણીએ બધી સોનામહોરો લેવી જ પડી. પરંતુ આ એક દાને એના મન પર પણ શુભ અસર કરી હતી. એણે પણ આ ધન લોકસેવા કાજે વાપરવાનું નક્કી કર્યું. દરભંગાની ઉત્તરે સિદ્ધેશ્વરી માતાના મંદિર પાસે એણે એક તળાવ ખોદાવ્યું. એ તળાવ આજે પણ ‘દાઈકા તાલાબ’ નામે જાણીતું છે.

આ શંકર જ મોટો થઈને શંકર મિશ્ર નામે સંસ્કૃતનો જાણીતો વિદ્વાન બન્યો. એના ઘડતરમાં એની માતાએ જે ભાગ ભજવ્યો હતો, એ યાદ રાખવા જેવો છે.

કેટલી માતાઓ પોતાના બાળકના સંસ્કાર પાછળ આટલી કાળજી રાખતી હશે ?

■